**ફો.પ.અરજી નં.૧૬૨/૨૦૨૬**

**–:: રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::–**

---

**(૧).** અરજદાર **મનિષભાઈ રમેશભાઈ પરમાર**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. અરજદારે પોતાની માલિકીનું વાહન **હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ** જેનો રજીસ્ટ્રેશનનં. **GJ-25-AF-0205** કે જે રાણાવાવ પોલીસ સ્ટેશન **ગુ.ર.નં.૧૧૨૧ ૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬** ના કામે **બી.એન.એસ.કલમ–૩૧૮(૪), ૩૩૮, ૩૪૦ (૨)** મુજબ ના ગુનાના કામે કબ્જે કરેલ છે તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. તેમજ અરજદારે સદરહુ મુદામાલ પોતાની માલિકીની હોવા બાબતે **વાહનની આર.સી. બુક તથા આધાર કાર્ડની** ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. વધુમાં, આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને તે ફોજદારી કેસ **નં. ૨૩૯/૨૦૨૬** થી ફોજદારી કેસ તરીકે રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨).** આ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો તથા અરજદારનાં વિ. વકીલશ્રી ની રજુઆતો સાંભળી તેમજ અરજદાર ની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ માં વાહનની આર. સી. બુક તથા વાહન ની વિમા પોલીસની નકલ જોતાં તેમા આ કામ ના અરજદાર મુદદામાલ વાહન ના રજીસ્ટર્ડ માલિક છે તે હકીકત જણાય આવે છે પરંતુ તેઓ એ આ મુદામાલ વાહન (જુના) આરોપી ને એક્ષચેંજ માં આપી તેઓ પાસે થી નવા વાહન મેળવેલ છે તેમજ જુના વાહન આરોપી પાસે થી અન્ય વ્યકિતઓ એ ખરીદ કરેલ છે તે હકીકત પણ રેકર્ડ આવેલ છે.

આમ સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધાંત મુજબ **Trilok Singh Vs. Satyadeo Tripathi, AIR 1979 SC**

**850, K.A. Mathai Vs. Kora Bibbikutty, 1996 (7) SCC 212., Charanjit Singh Chadha Vs. Sudhir Mehra, (2001) 7 SCC 417. held that; “** In an hire purchase agreement, purchaser remains merely a trustee/bailee on behalf of the financer/financial institution and ownership remains with the financer. No criminal action can be taken against the financer if the vehicle is seized by him against the non-payment of installments as he is repossessing the goods (vehicle) owned by him.”

**(૩).** આ કામે ત.ક.અ. એ કબ્જે કરેલ મુદદામાલ એક થી વધુ વાહનો તથા હાલ ની અરજી નો મુદદામાલ વાહન પોલીસે **નં.(૧).** બ્રોકર દિવ્યેશ કિશોરભાઈ ભુતીયા (મુદામાલ પાવતી આંક–૦૫), **નં.(૨).** બ્રોકર જયદીપભાઈ કિશોરભાઈ ચોહાણ (મુદદામાલ પાવતી આંક–૬),**નં.(૩).** બ્રોકર રાહુલભાઈ કરશનભાઈ કોડીયાતર (મુદદામાલ પાવતી આંક–૭), **નં.(૪).** બ્રોકર વિશાલભાઈ મશરીભાઈ ઓડેદરા (મુદદામાલ પાવતી આંક–૮) તથા **નં.(૫).** બ્રોકર રોમિત હરીશભાઈ ખીલોસીયા (મુદદામાલ પાવતી આંક–૯) **પાસે થી** કબ્જે કરેલ છે અને તે હકીકત ને આ કામે તપાસ ના કામે મુદદામાલ વાહનો કબ્જે કરેલ જેના જુદા જુદા પંચનામાઓ વંચાણે લેતા પણ ઉપરોકત નં.૧ થી ૫ ના બ્રોકર પાસે થી કબ્જે કરેલ છે તે હકીકત જણાય આવે છે અને આ ગુનો દાખલ થતા પહેલા તેઓ એ બ્રોકર તરીકે જુના વાહન આરોપી ધવલ ખુદાઈ પાસે થી ખરીદ કરી ને મેળવેલ હતા અને તેઓ ની દુકાન માં થી કબ્જે કરેલ હતા તેથી આ કામ ના બ્રોકર નં.૧ થી ૫ આ મુદદામાલ વાહન ના થર્ડ પરસન પાસે થી શુધબુધિ ના ખરીદનાર છે તેથી ઉપરોકત નં.૧ થી ૫ ના બ્રોકર આ મુદદામાલ વાહન ના ન્યાસધારી અથવા નિક્ષેપધારી (Bailee) હોવા થી કબ્જેદાર બનેલ છે તેથી આ અરજદાર મુદામાલ વાહન ના રજીસ્ટર્ડ માલિક હોવા માત્ર થી તેઓ ને સોંપી શકાય નહી. આમ, આ કામે રજુ રેકર્ડ, પંચનામુ તથા દસ્તાવેજો

વંચાણે લેતાં હાલનાં તબકકે અરજદાર ને વાહન પરત સોંપવુ ન્યાયી, વ્યાજબી અને ઉચીત જણાતુ ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

અરજદારની મુદામાલ વાહન પરત મેળવવાની અરજી આથી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

–– હુકમ આજ રોજ **તા.૧૦ મી માહે–જુન સને–૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા. ૧૦/૦૬/૨૦૨૬.**
**સ્થળ : રાણાવાવ.**

**(નારાયણ લાલ શર્મા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**U.I.C.NO.GJ 01439.**